આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખઃ-૨૬-૦૮-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## મુખ્યમંત્રી-ભારે વરસાદ બેઠક-1

ભારે વરસાદની આગાહી વચ્ચે મુખ્યમંત્રીએ સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા અને વરસાદગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરો મ્યુનિસિપલ કમિશ્નરો તથા જિલ્લા અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને તલસ્પર્શી વિગતો મેળવી હતી..તેમણે ખાસ કરીને નીચાણવાળા વિસ્તારના લોકોના સલામત સ્થળાંતર માટે તાકીદ કરી હતી, મુખ્યમંત્રીએ  જિલ્લા કલેક્ટરને અને મ્યુન્સિપલ કમશનરોને સ્પષ્ટપણે જણાવ્યું કે આપણી પહેલી પ્રાયોરિટી મનુષ્ય જીવન અને પશુધનની જાનહાની ન થાય તે હોવી જોઈએ. રાજ્યના જિલ્લા કલેકટરો અને વહીવટી તંત્રોને સંપૂર્ણ સજ્જતા સાથે ઝીરો કેઝ્યુઆલીટી અભિગમ અપનાવી સતર્ક રહેવા માર્ગદર્શન આપ્યું.

મુખ્યમંત્રીએ કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશ્નરને સૂચના આપવામાં આવી હતી કે, પાણીમાં ફસાયેલા લોકોના રેસ્ક્યુ કરવા ની બાબત પણ અગ્રતા આપવા સૂચના આપી હતી.આ હેતુસર  NDRF, SDRF, સ્થાનિક પોલીસની મદદથી લોકોનું રેસ્ક્યુ કરવા સાથે સ્થળાંતર કામગીરીની વિગતો પણ તેમણે મેળવી હતી.

**(DD News/આરતી ભટ્ટ)**

---

## જિલ્લા કલેક્ટર-નાગરિકોને સુચના

જિલ્લામાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે  જીલ્લા કલેકટર અમિત અરોરાએ લોકોને જળાશયો નજીકના જવા અને વરસાદની સ્થિતિને લઈ કામ વિના બહારના નીકળવા અપીલ કરી છે.તહેવારોની

રજા હોવાથી જળાશયોને જોવા ન જવા જણાવાયુ છે. વરસાદસની પરિસ્થિતિને પહોંચી વળવા તાલુકા અને જિલ્લા કન્ટ્રોલ રૂમ કાર્યરત છે. પ્રાંત અને મામલતદાર સહિતના અધિકારીઓને એલર્ટ રહેવા સૂચના અપાઈ છે.કચ્છમાં નખત્રાણા-માંડવીમાં ખુબ વરસાદ પડ્યો છે. ત્યારે ખાસ કરીને કોઈ કોસ વે-પાપડી હોય જેના ઉપરથી પાણી વહેતુ હોય તો એને જોખમી રીતે ક્રોસ ન કરવા માટે અપીલ કરાઈ છ. સમગ્ર વહીવટી તંત્રને એલર્ટ કરવામાં આવ્યુ છે.તલાટીઓને ગામે રહેવા માટે સુચના આપવામાં આવી છે.

સમગ્ર જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા આવતીકાલે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરતા રેડ એલર્ટ જાહેર કરાયુ છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## જનમાષ્ટમી પર્વ-ઉજવણી

સમગ્ર દેશ સહિત રાજ્ય અને જીલ્લામાં  ગામે ગામ શ્રી કૃષ્ણ ભગવાનના જન્મના પર્વ જનમાષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ગામે ગામ મટકી ફોડના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આજે રાત્રે 12 વાગ્યે શ્રી કૃષ્ણ મંદિરોમાં કૃષ્ણ જન્મની  ઉજવણી કરવામાં આવશે અને ભક્તોને  પંજોરીની પ્રસાદી વહેંચવામાં આવશે. વરસાદી માહોલ હોવા છતાં પણ ગામે ગામના કૃષ્ણ ભક્તો કૃષ્ણના જન્મની ઉજવણી શ્રધ્ધા પુર્વક કરી રહ્યા છે.

**(NP/ આરતી ભટ્ટ)**

---

## જિલ્લામાં રેડ એલર્ટ-વરસાદ રજા જાહેર

નાયબ નિયામકશ્રી (માધ્યમિક) અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરની સુચના અનુસાર સમગ્ર રાજયમાં હાલમાં પડી રહેલ અતિભારે વરસાદ તથા હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહીને કારણે સાવચેતીના ભાગરૂપે આવતીકાલે તા.27મી ઓગષ્ટ  મંગળવારના રોજ જિલ્લાની તમામ

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવા જણાવવામાં આવે છે.જરૂર જણાયે ત્યાં આચાર્યશ્રીએ સ્ટાફ સાથે હેડ ક્વાર્ટર પર રહી સ્થાનિક વહીવટીતંત્રને જરૂરી મદદરૂપ થવાનું રહેશે. એવુ શિક્ષણ વિભાગની એક યાદીમાં જણાવાયુ છે.

**(આરતી ભટ્ટ)**

---

## સાતમ-આઠમના મેળા

જન્માષ્ટમીના પર્વ પ્રસંગે સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક સ્થળોએ લોકમેળાઓનો પ્રારંભ થયો છે. લોકો ભારે ઉત્સાહથી મેળામાં ભાગ લઈ રહ્યા છે. ભુજના હમીરસર તળાવ પાસે પરંપરાગત યોજાતા સાતમ-આઠમના લોક મેળો ગઈકાલે  ખુલ્લો મુકાયો હતો.વરસાદ ન હોવાથી લોકોએ મોટી સંખ્યામાં મેળો માણ્યો હતો.ભુજ તેમજ આસ પાસના ગ્રામ્ય વિસ્તારના લોકોએ મેળાની મોજ માણી હતી.મેળામાં અનિચ્છીય બનાવોને રોકવા માટે  પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

**(NP/ આરતી ભટ્ટ)**

---

## જિલ્લામાં વરસાદ

સમગ્ર જિલ્લામાં ગત રાત્રીથી વરસાદ પડવાનો શરૂ થતાં  બધા તાલુકાઓમાં ક્યાંક ધીમે તો ધોધમાર વરસાદ થયો હોવાના અહેવાલ છે. જિલ્લામાં આજે સવારે 6 થી સાંજે 6 વાગ્યા દરમ્યાન અંજાર 41 મીલીમીટર, રાપર 43 મીલીમીટર, ભચાઉ 22,નખત્રાણા 173,માંડવી 166,મુન્દ્રા 62, ગાંધીધામ 22 મીલીમીટર  અબડાસામાં સૌથી ઓછો  9મીલીમીટર  જ્યારે લખપતમાં સાંજે 4 થી 6 દરમ્યાન 37 મીલીમીટર તેમજ ભુજમાં 71 મીલીમીટર વરસાદ જિલ્લા કંન્ટ્રોલરૂમ ખાતે નોંધાયો હોવાના અહેવાલ છે.

વરસાદ અંગે અમારા સમાચાર મિત્રોએ ફોન દ્વારા જિલ્લાના જુદા-જુદા વિસ્તારમાંથી માહિતી આપી જેમાં  રાપર તાલુકાના  બેલ ગામથી દલાભાઈ

RNU BHUJ

રૂપાણીએ રાપરમાં સોના જેવો વરસાદ થયો હોવાનું જણાવ્યુ તો રાપર-ખેંગારપર ગામના મહાદેવાભાઈ આહીરે જણાવ્યુ હતું કે વરસાદી ઝાપટાથી પાણી વહી નીકળ્યા છે. તળાવ ભરાયા છે. નાના દિનારાના ફઝલ સમાએ જણાવ્યુ કે બપોરથી વરસાદ શરૂ થયો છે જે ધ્રોબાણા,કાળો ડુંગર, ખાવડા કુરનની આજુબાજુના  વિસ્તારોમાં શ્રીકાર વરસાદ થયો છે.

(આરતી ભટ્ટ/કંન્ટ્રોલરૂમ )

-----------------------------------------------------------------------

RNU BHUJ